

રમેશ ઠક્કર

## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

પાનખરમાં પાંદડા ક્યાં સુધી
પ્યાસ નામે ઝાંઝવા ક્યાં સુધી

છે મથામણ જિંદગીની શરૂ
આશ નામે આંધળા ક્યાં સુધી

રંગ રાખ્યો ચાદરે તારી પણ
જાતના યે તાંતણા ક્યાં સુધી

ક્યાં સુધી વરસી શકે મેહૂલો
મેઘ નામે વાદળા ક્યાં સુધી

ફેરવે કુંભાર પણ ક્યાં લગી
જાતના યે ચાકડા ક્યાં સુધી

ના ,નથી ઊંચાઈ મંઝિલની પણ
આયખાના દાદરા ક્યાં સુધી

સલીમ દેખૈયા.

### પાથેય

## ગમતું મળવાની ઝંખના

આખું જગત વ્યવહાર ઉપર ચાલે છે..એનું ચાલકબળ સ્વાર્થ છે..એક માણસ બીજા માણસને ફકત ઉપયોગિતાની રીતે જ જુએ છે.અને એ આધારે જ એનું મૂલ્યાંકન થતું રહે છે..આપણે જેને સગાં માનીએ છીએ એ પણ આ રીતે જ વર્તે છે..આપણે જેને મિત્રો કે આપ્તજન ગણી નિઃસ્વાર્થ લાગણીઓની અપેક્ષા રાખીએ છીએ એ હંમેશાં ઠગારી નીવડતી રહે છે..લોકો આપણને જે કંઈ આપે છે એની પાછળ એનો ઉદ્દેશ કશુંક પરત મેળવવાનો પણ હોય છે..લાલો કદી લાભ વગર લોટતો હોતો નથી ! આપણે તો ઘરના દરવાજે પણ લાભ અને શુભ કોતરાવતા રહીએ છીએ..કોઈપણ પ્રકારની અપેક્ષા વગર સંબંધ રાખનાર મળે એ લગભગ અશક્ય જેવી વાત છે..અને એટલે જ આપણે ભગવાન પાસે માગતા રહીએ છીએ કે મને એવા માણસની મદદ અપાવજે કે એ બદલામાં કશું માગે નહીં! અલબત્ત આ આપણી એક અતૃપ્તિ ઈચ્છા જ છે ! એવી કોઈ દિલદાર મળવો દુર્લભ હોય છે..

આપણી મુસીબત કે તકલીફ સમયે આપણી આસપાસ તો ઘણા લોકો આવી જતા હોય છે..પણ એમાં ટોળે વળી જવાનો ભાવ હોય છે..એમાં આપણી કારણ જાણવાની તાલાવેલી વધારે અને સહાનુભૂતિ ઓછી હોય છે..લોકો બહારથી મિલનસાર લાગે પણ અંદરથી અલગ હોય છે..હમદર્દ બની તમને રસ્તો જરૂર બતાવે પણ તમારી સાથે ચાલે એવો એક પણ માણસ ના મળે ! સંસ્કૃતમાં એક સરસ સુભાષિત છે..એમાં પ્રશ્ન પુછાય છે કે મુસીબતના સમયમાં માણસનો સાચો સગો કોણ ? એનો જવાબ છે ઘરનો ખૂણો ! જીવનનો સાચો સાર કેવળ બે પંકિતઓમાં સમાઈ ગયો છે !

માણસ જેમ દુઃખમાં ડઘાઈ જાય છે એમ કયારેક સુખમાં ગળગળો થઈ જાય છે..એના હૃદયમાં અનેક પ્રકારની ઉર્મિઓ ઉભરાતી હોય છે..એ મોકો મળે એની રાહ જોતો હોય છે..વિરહને એ વસમો બનાવી સહન કરી લે છે..અને જ્યારે મનગમતી કોઈ વ્યકિત કે પ્રસંગ સામે આવી જાય ત્યારે એ અવાચક થઈ જાય છે..એને ઘણું કહેવું હોય છે પણ પ્રાપ્તિની અનુભૂતિ જ જાણે કાફી થઈ જાય છે !

આપણું મન પણ બહુ વિચિત્ર છે.કહેવાનું ઘણું હોય પણ અણીના સમયે જ યાદ ના આવે..એ જ રીતે જ્યારે રડવાનો પ્રસંગ હોય ત્યાં જ આંસુ સૂકાઈ જતા હોય એવું લાગે..અને આનંદનો અવસર આવે ત્યારે ચહેરા ઉપર હાસ્ય ગાયબ થઈ જાય..આ વિડંબના એ જ જાણે માણસની નિયતી બની જાય છે !

# જ્યારે અહમની જીતી જાય ત્યારે લાગણીઓ હારી જતી હોય છે

લાગણીઓ છે તો સંબંધોનું વિશ્વ આબાદ છે. લાગણી જીવન છે અને લાગણીનું તત્ત્વ છે તો જગતનું સત્ય અને સત્વ સલામત છે. લાગણીઓનો પ્રદેશ નિરાળો છે. એના ત્રણ મુખ્ય વિભાગો છે સકારાત્મક




લાગણીનો ઉપવન જેવો પ્રદેશ, વિઘટનકારી નકારાત્મક લાગણીઓનો જંગલ જેવો પ્રદેશ અને તટસ્થ સ્થિર લાગણીઓનો રૂક્ષ પ્રદેશ. અમુક મનોચિકિત્સકોનું તારણ એવું પણ રહ્યું છે કે, લાગણીઓ સામાજિક ચેતનાનો પુંજ છે. લાગણીઓ સામાજિક સાંસ્કૃતિક પરિભાષાને બૌદ્ધિક અને શારીરિક ચેતનાઓ વચ્ચે સંકલન સાધવાનું કાર્ય કરે છે.

આદિથી માંડીને અત્યાર સુધી અને આજથી માંડીને અનંતકાળ સુધી જગત જો ટક્યું છે તો એક માત્ર લાગણીઓના કારણે. પ્રશ્ન એ થાય કે લાગણી એટલે શું? જેમાં આનંદ હોય એ લાગણી, ગ્લાની થાય દુઃખ થાય એ પણ લાગણી, વાત્સલ્ય, પ્રેમ, ઉષ્મા પણ લાગણી અને માન, સન્માન, અપમાન પણ લાગણી છે. ઊંચા પર્વત ઉપરથી ખળખળ વહેતા ઝરણાની જેમ હૃદયમાંથી સતત અવિરત વહેતું તત્ત્વ એટલે લાગણી. સાત્વિક લાગણીઓ હૃદયમાં પડેલા ઉઝરડા ઉપર મલય બની ળાતા આપે તો ક્યારેક કોઈ તામસિક લાગણીઓ ઝિરડા પાડીને એની ઉપર મરચાની ભૂકી ભભરાવવાનું કામ કરે. લાગણીઓ બાહમાં ખિલેલા પુષ્પને પણ છે અને લાગણીઓ આગની ભભુકતી જ્વાળાઓ પણ છે.

બ્રાયન કેવેર્નોએ એના પુસ્તક મોર સાર્સ સીડ્સમાં બે ભાઇઓની કહાની છે. એક ગામમાં બે ભાઈઓનું મજીયારુ ખેતર હતું. ખેતરને બંને ભાઈઓ સાથે ખેડે અને મહેનત કરીને ધાન પકવે. મોટો ભાઈ પરણેલો હતો. એને બાળકો અને પત્ની હતી. જ્યારે નાના ભાઈને લગ્ન નહતા થયા. એ કુંવારો હતો. ખેતરમાં જે કંઈ પણ પાકે આ બંને ભાઈઓ દર વખતે અડધો અડધો ભાગ કરીને લઈ લે.

અપરણિત નાના ભાઈએ મનોમન વિચાર્યું કે, અમે બંને સરખેભાગે વહેંતી લઈએ એ બરાબર ન કહેવાય. હું તો અપરણિત છું. મારી જરૂરિયાત ઓછી છે. મોટાભાઈનો પરિવાર છે એમની જરૂરિયાત વધુ છે એટલે મોટાભાઈને વધારે હિસ્સો મળવો જોઈએ. એટલે હંમેશા રાત્રે અંધારામાં પોતાના હિસ્સામાંથી અનાજની એક ગુણ લઈને બંને ભાઈના મકાન વચ્ચેથી ખાલી જગામાંથી પસાર થતી એક ગલીમાં થઈને મોટાભાઈના ઘરમાં મૂકી આવતો.

સામે પક્ષે મોટો ભાઈ મનોમન એમ વિચારતો હતો કે, પાકના ઉત્પાદનમાં બે સરખા હિસ્સા થાય એ બરાબર નથી. હું પરણેલો છું આગામી સમયમાં મને કંઈ થશે તો મારી પત્ની અને બાળકો મારી સંભાળ લેશે. પણ નાના ભાઇની સંભાળ લેવાવાળુ કોણ છે ? એને વધારે ભાગ મળવો જોઈએ. એટલે એ રાત્રે અંધારામાં પોતાના ઘરમાંથી અનાજની એક ગુણ ઉંચકી કુંવારા નાનાભાઈના ખેતરમાં મૂકી આવે.

વર્ષો સુધી આમ ચાલ્યા કર્યું. બંને ભાઈઓને આશ્ચર્ય થાય કે, અમે એક ગુણ મૂકી આવીએ છીએ છતા ગુણોની સંખ્યા સવારે એટલીને એટલી જ કે રહે છે ? એક દિવસ રાત્રે બંને ભાઈઓ ખભે ગુણ ઉંચકીલી હાલતામાં અંધારામાં અથડાઇ ગયા. બંને ભાઇને એક ક્ષણમાં વર્ષોની વિમાસણનો તોડ મળી ગયો. બંનેએ અનાજની ગુણ જમીન ઉપર નાખી ભેટી પડ્યા. બંનેની આંખોમાંથી અશ્રુધારા વહેવા લાગી. હિલોળા લેતો લાગણીઓનો મહાસાગર અલૌકિક વાતાવરણ ફેલાવતો રહ્યો.



આત્મનાદ
પુલક ત્રિવેદી
pulak63@gmail.com

ઘણીવાર એવુ બનતુ હોય કે, વ્યક્તિ પોતાના વિચારો અને માન્યતાને એટલી જડતાપૂર્વક પકડી રાખતી હોય છે કે અન્યની કોઇ વાત ગળે જ ન ઉતરે. પરિણામે સ્નેહ અને લાગણી તો શૂન્ય થઇ જ જાય ઉપરથી વિસંવાદિતાને કારણે અંતર ખુબ વધી જાય. હું જ સાચો અને મારા વિચારો પ્રમાણે જ આસપાસના લોકો વર્તે એવા ખ્યાલથી સંબંધોમાં મિઠાશ ક્યારેય ન જળવાય. જે. કૃષ્ણમૂર્તિજી કહેતા કે વ્યક્તિએ એની હથેળીમાં પોતાની જાતને મુકીને નિષ્પક્ષ રીતે સ્વમુલ્યાંકન કરવુ જોઇએ. સામેવાળાની જગાએ પોતાના દોષ જો વ્યક્તિ સમજી શકે તો વિખવાદ અને વિવાદનુ કોઇ સ્થાન ન રહે.

સંબંધોમાં જ્યારે અહમની જીત થતી હોય છે, ત્યારે લાગણીઓની હાર થતી હોય છે. અહમનો સંબંધ સ્વાર્થ સાથે છે અને એટલે જ અહમ અને લાગણીઓને બાર ગાંવનું છેટુ હોય છે. પ્રેમ અને લાગણીમાં સાચ-જુઠ કરતાં એક બીજાની સંભાળનું વધારે મહત્ત્વ હોય છે. સાચી લાગણીઓ શબ્દોની મહેતાજ ક્યારેય નથી હોતી. લાગણી તો અનુભૂતીનુ ક્ષેત્ર છે. લાગણી, પ્રેમ અને હુંફ ત્યારે કરમાઈ જતી હોય છે જ્યારે પોતાની સમજેલી વ્યક્તિ તરફથી હુફ અને સાથ સાંપડતો નથી. કોઈને રાત્રે ઊંઘ નથી આવતી જ્યારે અમુક રાત્રે ઉંઘવા નથી માગતા. લાગણી અને તિરસ્કાર વચ્ચેનુ અંતર સમજાય એ જરૂરી છે. હું જે કરૂ છું અને મારી લાગણીઓનો અહેસાસ સામેવાળી વ્યક્તિને નથી થતો એવી માનસિકતાના કેન્દ્રમાં લાગણી કરતા સ્વકેન્દ્રીપણુ વધારે હોય છે. લાગણી શબ્દોની મોહતાજ ક્યારેય ન હોય એ તો વર્તનમાંથી સમજ પડી જાય.

**ધબકાર :**

**લાગણીઓ જિંદગીનો અનુપમ શણગાર છે.**

# મન કા રેડિયો બજને દો જરા ! અથ રેડિયો કથા

એક મસ્ત પંક્તિ છેઃ ''મોહતાજ ના કશાનો હતો કોણ માનશે? મારો ય એક જમાનો હતો કોણ માનશે?''

ગયા રવિવારે નેશનલ રેડિયો ડે હતો. જો કે આ દિવસને આપણા નેશન એટલે કે ભારત સાથે કોઈ લેવાદેવા નથી. ૧૯૯૦ના દાયકાના પ્રારંભથી યુનાઈટેડ સ્ટેટ્સ અને વિશ્વભરના અન્ય સ્થળોએ રાષ્ટ્રીય રેડિયો દિવસની ઉજવણી કરવામાં આવે છે. કેટલાક સ્રોત સૂચવે છે કે ડેટ્રોઈટ રેડિયો સ્ટેશન 8MK (હવે WWJ) એ ૧૯૨૦માં તેનું પ્રથમ પ્રસારણ કર્યું તે દિવસના માનમાં આ તારીખ ૨૦ ઓગસ્ટ તરીકે પસંદ કરવામાં આવી હતી (જોકે યુ.એસ.માં પ્રસારણ કરનારું આ પ્રથમ સ્ટેશન ન હતું). એ જે હોય તે પણ વિશ્વના સીમાડા ઓળંગીને રેડિયો આપણા સૌની દિલની ધડકન છે. અને આ દિવસના બહાને આપણે આપણા આ વિન્ટેજ મિત્ર રેડિયોને યાદ કરી લઈએ. જો તમે રેડિયો, ટ્રાન્ઝિસ્ટરના પ્રેમી હો તો, આજ થોડા સા રૂમાની હો જાય. આ લેખ તમારી માટે છે.

ટેલિવિઝન સેટ લોકોના ઘરે ઘરે પહોંચ્યું અને દૂરદર્શનના આઈકોનિક શોના લોકો ઘેલા બન્યા, તેના ઘણા વર્ષો પહેલાં મનોરંજનના એક માધ્યમે એકચક્રી શાસન કરેલું. એ માધ્યમ હતું – રેડિયો! મોટાભાગના મધ્યમવર્ગીય ઘરોમાં, જ્યાં ટેલિવિઝન સેટ એક સ્વપ્ન માફક હતું, ત્યાં રેડિયોએ લોકોનું ભરપેટ મનોરંજન કરેલું.

હવે થોડી વાતો રેડિયોના ઉદ્ભવની કરી લઈએ. આરંભમાં એનો ઉપયોગ સૈન્ય અને સરકારો દ્વારા નેવિગેશન સમાચાર વિતરણ માટે કરવામાં આવતો. તેણે આગળ જતા સમાચાર અને સંગીતને વધુ સુલભ બનાવી અને આપણને પૃથ્વીગ્રહવાસીઓને દરેક રાષ્ટ્રોથી સમીપ લાવવાનું કામ કર્યું. રેડિયો કાલજયી છે તે કદી પણ આઉટડેટેડ થઈ જ ન શકે. આપણે સામાન્ય રીતે ૧૮૯૦ના દાયકામાં રેડિયોની શોધનું શ્રેય ગુગ્લીમો માર્કોનીને આપીએ છીએ. પણ નિકોલા ટેસ્લાએ ૧૮૯૩માં રેડિયોનું પ્રથમવાર પ્રદર્શન કર્યું. હેનરિક રુડોલ્ફ હર્ટ્ઝે ૧૮૮૦માં રેડિયો તરંગોની શોધ કરી, જેનાથી ૧૮૭૩માં જેમ્સ ક્લાર્ક મેક્સવેલ દ્વારા રજૂ કરાયેલા ઈલેક્ટ્રોમેગ્નેટિઝમના સિદ્ધાંતને સાબિત કરવામાં મદદ મળી. આમ, રેડિયો એ સહિયારી મહેનતનું ફળ છે.

જો કે ટેલિવિઝન અને ત્યારબાદ હવે ઈન્ટરનેટના જમાનામાં રેડિયો માટે સ્પર્ધા કરવી મુશ્કેલ છે પરંતુ હજી વિન્ટેજ લોકો રેડિયો જ પસંદ કરે છે. તેમાં પણ દોરીવાળા સ્ટેશન ફેરવવાના બટનવાળા રેડિયો હવે જવલ્લે જોવા મળે છે તે રેડિયો અત્યારે શો-કેસમાં એન્ટિક વસ્તુઓની ધરોહરની જેમ સાચવીને મૂકવામાં આવે છે. મોબાઈલમાં કે એમ.પી.થ્રી પ્લેયરમાં સ્ટેશન ફેરવવામાં માટે ડિજીટલ નંબરવાળા બટન આજકાલ આવી ગયા છે. પણ પેલા ગોળ દોરીવાળા બટનની તોલે તો કોઈ ન આવે. તેમાં પણ ક્રિકેટ મેચની કોમેન્ટ્રી વખતે સ્ટેશન બરાબર આવતું ન હોય અને રેડિયોનું એન્ટેના ઊંચું-નીચું કરીને કે તેની દિશા બદલી બદલીને કાન પર નાનો રેડિયો સાંભળતા દે દિવસોને તો કોઈ હેરિટેજ આર્કાઈવ્ઝમાં સાચવવા જેવા છે. ઓલ ઈન્ડિયા રેડિયો (એઆઈઆર), સત્તાવાર રીતે ૧૯૫૬થી 'આકાશવાણી' તરીકે ઓળખાય છે, તે ભારતનું રાષ્ટ્રીય જાહેર રેડિયો પ્રસારણકર્તા છે. તેની સ્થાપના ૧૯૩૬માં કરવામાં આવી હતી. ઓલ ઈન્ડિયા રેડિયો એ વિશ્વનું સૌથી મોટું રેડિયો નેટવર્ક છે, AIRની હોમ સર્વિસમાં દેશભરમાં સ્થિત ૪૨૦ સ્ટેશનોનો સમાવેશ થાય છે, જે દેશના લગભગ ૯૨% વિસ્તાર અને કુલ વસ્તીના ૯૯.૧૯% સુધી પહોંચે છે. AIR ૨૩ ભાષાઓ અને ૧૭૯ બોલીઓમાં પ્રોગ્રામિંગની શરૂઆત કરે છે. એક જમાનામાં તો રેડિયોનો મોટો વૈભવ હતો. ગામમાં જેની પાસે રેડિયો હોય તે વ્યક્તિ ગામડામાં શ્રીમંત કે મોભેદાર ગણાતી. ગામમાં કોઈ નવો રેડિયો લાવે એટલે તેને જોવા માટે લોકો ટોળા વળતા. સાઈકલમાં આગળ લગાડેલ એક લોખંડનું સ્ટેન્ડ અને તેમાં બેસાડેલ પૌત્ર કે પૌત્રીને લઈને દાદા રેડિયો સાંભળતા ગામની ઊભી બજારેથી નીકળતા આવા દ્દશ્યો અનેક વખત નરી આંખે જેમણે જોયા છે તેવા વડીલો પાસેથી વાતો સાંભળી છે. વડીલો પાસેથી તો તેવી પણ વાતો સાંભળવા મળી છે કે રેડિયો સાંભળવાના લાયસન્સ લેવા પડતા હતા. ૧૨મી નવેમ્બર ૧૯૪૭ના રોજ તેમણે ઓલ ઈન્ડિયા રેડિયોએ ગાંધીજીનો પહેલો અને છેલ્લો લાઈવ મેસેજ બ્રોડકાસ્ટ કર્યો હતો.ગાંધીજી એક જ વાર રેડિયો પર આવ્યા હતા અને તે દિવસની યાદમાં તા.૧૨મી નવેમ્બરને 'પબ્લિક બ્રોડકાસ્ટ ડે' તરીકે ઊજવવામાં આવે છે. તે 'જન પ્રસારણ દિન' તરીકે પણ ઓળખાય છે. એ વખતે ગાંધીજી નહોતા વડાપ્રધાન કે નહોતા રાષ્ટ્રપતિ. પરંતુ તેઓ એક સામાન્ય નાગરિકની જેમ આકાશવાણીના સ્ટુડિયોમાં જઈ બોલ્યા હતા. સમય જલદી બદલાઈ રહ્યો છે ૧૯૯૩ સુધી જ્યારે સરકારે દિલ્હી અને મુંબઈમાં એફએમ ચેનલો પર બે કલાકના ખાનગી શો સ્લોટ સાથે પ્રયોગ કર્યો ત્યાં સુધી ખાનગી ભાગીદારીને મંજૂરી આપવામાં આવી ન હતી. ૨૦૦૧માં ભારતના રેડિયો ક્ષેત્રે ખાનગી ક્ષેત્રની ભાગીદારીનો પ્રથમ તબક્કો (FM તબક્કો I) શરૂ થયો અને સરકારે રેડિયો લાયસન્સ માટે ખુલ્લી હરાજી હાથ ધરી.

વર્ષોથી, હિન્દી સિનેમાના અસંખ્ય અગ્રણી લોકોએ ચેનલને તેમનો અવાજ આપ્યો છે, જેમાં લતા મંગેશકર અને અભિનેતા રાજ કુમાર, સુનિલ દત્ત અને અમિતાભ બચ્ચન (જેમણે તેમની શરૂઆતની કારકિર્દીમાં રેડિયો બ્રોડકાસ્ટર તરીકે કામ કર્યું હતું)નો સમાવેશ થાય છે. ફૌજી ભાઈઓ કે લિયે જયમાલા કાર્યક્રમ.. ભારતીય સેના અને મ્જીહ્ન સૈનિકોને પ્રોત્સાહિત કરવા લોકપ્રિય શો "વિશેષ જયમાલા"માં સેલિબ્રિટીઓ ભાગ લે છે. ૨ ઓક્ટોબર ૨૦૦૭ના રોજ તેની પચાસમી વર્ષગાંઠની ઉજવણી કરી.

આ અદ્ભુત મનોરંજનના માધ્યમનો ઈતિહાસ એક રેડિયો પ્રોગ્રામના ઉલ્લેખ વિના અપૂર્ણ છે જેનું નામ છે 'બિનાકા ગીતમાલા'! એક એવો કાર્યક્રમ જે ૪૦ વર્ષથી પણ વધુ સમય સુધી રેડિયો પર પ્રસારિત થયો અને લાખો શ્રોતાઓના હૃદય પર રાજ કર્યું. અઠવાડિયામાં એકવાર, દર બુધવારે, આખું કુટુંબ સાંજે જમવા માટે ભેગું થયું હોય ત્યારે ૮ વાગ્યાના ટકોરે 'રેડિયો સિલોન' ટ્યુન કરો પછી, એક ઘેરો અને હૂંફાળો અવાજ રેડિયો સેટ પરથી સંભળાતોઃ ''જી હાં બહેનો ઔર ભાઈયોં, મૈં આપકા દોસ્ત અમીન સાયાની બોલ રહા હૂં ઔર આપ સુન રહે હે બિનાકા ગીતમાલા.''



વિચારયાત્રા
ડૉ. જય ઓઝા

બિનાકા ગીતમાલા હિન્દી સિનેમાના ટોચના ફિલ્મી ગીતોનો સાપ્તાહિક કાઉન્ટડાઉન શો હતો. બિનાકા ગીતમાલા ૧૯૫૨ થી ૧૯૮૮ દરમિયાન રેડિયો સિલોન પર પ્રસારિત કરવામાં આવી હતી અને ત્યારબાદ ૧૯૮૯માં ઓલ ઈન્ડિયા રેડિયો નેટવર્કની વિવિધભારતી સેવામાં સ્થાનાંતરિત થઈ હતી. જ્યાં તે ૧૯૯૪ સુધી ચાલી હતી. તે ભારતીય ફિલ્મ ગીતોનો પ્રથમ રેડિયો કાઉન્ટડાઉન શો હતો, અને તેના રન દરમિયાન ભારતમાં સૌથી લોકપ્રિય રેડિયો પ્રોગ્રામ તરીકે ટાંકવામાં આવ્યો હતો. તેનું નામ બિનાકા દ્વારા તેની સ્પોન્સરશિપ દર્શાવે છે.

આઝાદી પછીનું ભારત હવે ૭૬ વર્ષની વયને વટાવી ગયું છે. વર્ષો પહેલાં ઓલ ઈન્ડિયા રેડિયો દેશની ધડકન હતો. રેડિયો જ મનોરંજન અને માહિતીના શ્રેષ્ઠ સ્રોત હતો. ક્રિકેટની કોમેન્ટ્રી પણ દેશના લાખો લોકો રેડિયો પર સાંભળી ઝૂમી ઉઠતા. આ ૧૯૨૨માં સિડની ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે ચાર્લ્સ બેનરમેન (ટેસ્ટ ક્રિકેટના પ્રથમ સેન્ચ્યુરીયન) માટે ટેસ્ટિમોનિયલ મેચમાં થયું હતું, જેમાં પ્રથમ કોમેન્ટેટર લિયોનેલ વોટ નામના સજ્જન હતા. આમ પ્રથમ ક્રિકેટ કમેન્ટ્રી ૧૯૨૨માં આરંભાઈ તેમ કહી શકાય. ૧૯૩૪માં બીબીસીએ તેના પ્રથમ 'સ્ટાર' ક્રિકેટ કોમેન્ટેટર - હોવર્ડ માર્શલની શોધ કરી. ત્યારબાદ તો માઈકલ સ્ટેન્ડિંગ, જીમ સ્વાન્ટન, રેક્સ એલ્સ્ટોન, આર્થર ગિલિગન, જોન આલોર્ટ અને સી.બી.ફ્રાય આવ્યા. ૧૯૫૦ના દાયકાના અંત ભાગમાં હિન્દી ક્રિકેટ કોમેન્ટ્રીનો ઉદભવ જોવા મળ્યો અને ૧૯૫૯માં દિલ્હીમાં ટીવીની શરૂઆત થઈ હોવા છતાં, હિન્દી કોમેન્ટ્રી ક્રિકેટની રમતને અંતરિયાળ વિસ્તારોમાં લઈ ગઈ. રવિ ચતુર્વેદી, જોગા રાવ, મનીષ દેબ, સુશીલ દોશી, વિજય મરચન્ટ એક જમાનાના શ્રેષ્ઠ રેડિયો કોમેન્ટ્રેટર હતા. અને હા, પેલી પ્રખ્યાત ઓલ ઈન્ડિયા રેડિયો ટ્યૂન તો કોણ ભૂલી શકે ? વાયોલીનનો એ કર્ણપ્રિય અવાજ ઘરમાં રહેલા મર્ફી પર નાનપણ સાંભળીને સંગીતના સૂરો પ્રત્યે રુચિનો આરંભ થયો હતો. અને એક ચુંબકીય આકર્ષણથી આ ટ્યૂન વાગે ત્યારે ત્યાં દોડી જવાનું મન થતું. વોલ્ટર કોફમેને છૈંઈની સિગ્નેચર ટ્યુન કંપોઝ કરી હતી. તેઓ ૧૯૩૭માં આકાશવાણીમાં ડાયરેક્ટર હતા. તેઓ એવા ઘણા યહૂદી શરણાર્થીઓમાંના એક હતા જેમને ભારતમાં નાઝીઓથી સુરક્ષિત આશ્રયસ્થાન મળ્યું હતું.

આજના ખાનગી એફ.એમ. ચેનલોના સમયમાં પોડકાસ્ટ અને આર.જે.નું મહત્ત્વ ખૂબ વધ્યું છે. તે સારી વાત છે. પરંતુ પહેલાંના સમયના ઉદ્‌ઘોષકો જેવી ભાષાશુદ્ધિ કે વિનમ્રતાનો અત્યારે અભાવ જોવા મળે છે. હિન્દી અને ગુજરાતી આર.જે. ભેળપુરી હિંગલિશ કે ગુજલિશ ભાષા બોલે છે. વળી ઉચ્ચારણ અને ભાષાશુદ્ધિ માટે પહેલાં જેટલી ગંભીરતા હતી તેટલી અત્યારે જોવા નથી મળતી. વળી, કોઈ ગીત રજૂ થાય ત્યારે તે ગીતના ગીતકાર, સંગીતકાર અને ગાયકો તેમજ ફિલ્મ વિશેની માહિતી અત્યારની પ્રાયવેટ એફ.એમ. ચેનલ આપવાની દરકાર રાખતી નથી. જો કે આકાશવાણી અને વિવિધભારતીના અત્યારના ઉદ્‌ઘોષકોએ પણ જમાના સાથે ચાલીને કદમથી કદમ મેળવવા પડશે. તે વાતમાં મીનમેખ નથી. આ ગળાકાપ સ્પર્ધામાં ટકી રહેવા માટે તેમજ કરોડો આકાશવાણી અને વિવિધભારતીના ચાહકો માટે પણ તેમણે કોઈ ચોક્કસ પગલાં ભરવા પડશે. વાત તો ઘણી લાંબી કરવી છે, પણ આજે બસ આટલું. ગાંધીનગરવાસીઓ કે લિયે વિચારયાત્રા કોલમ કે ઈસ લેખ મેં આજ બસ ઈતના હી..ઈસી પ્રકાર કે લેખો કા આનંદ લેને કે લિયે પઢતે રહિએ ગાંધીનગર સમાચાર. અગલે મંગલવાર તક આપકે ઈસ મિત્ર કો ઈજાજત દિજીએ. નમસ્કાર.

- jayuoza@gmail.com,
Mo.9898046488

# ખેલદિલિથી ભૂલનો સ્વીકાર કરીએ...

સમાજમાં હરતાં ફરતાં આપણને ઘણી બધી મનોરંજક બાબતો જોવા મળે છે. આજે આવી થોડીક વાતો તમારા ધ્યાને મૂકવી છે.

● બહેનો રસોઈ દરરોજ સરસ બનાવે છે ( થોડાક અપવાદ સિવાય ) તેમ છતાં જો કોઈ વાર દાળ શાકમાં મીઠુ ઓછુ નંખાયુ હોય અને એમના પતિદેવ જો એ બાબતે ધ્યાન દોરે તો પત્ની

" હા હોં તમારી વાત સાચી છે" એમ કહેવાને બદલે એવું જ કહેશે કે

" તમને ખબર છે ને, ડોક્ટરો આજ કાલ ઓછું મીઠુ ખાવાની જ ભલામણ કરે છે એટલે હવે આપણે ય મીઠુ ઓછું જ ખાવાનું છે..."

આમ એ પોતાનાથી મીઠુ ઓછુ નંખાયુ છે એનો સ્વીકાર ભાગ્યે જ કરે છે,,,,, !!!

● આવી જ રીતે જો પત્નીથી ચામાં ખાંડ ઓછી પડે ને પતિ કહે કે

"આ ચા મારાથી પીવાય એવી નથી, ખાંડ કેમ ઓછી નાખી છે ? " તો પત્ની કહેશે ,

" હેં ? ના હોય, ખાંડ તો બરાબર નાખી છે, પણ તમને ખબર છે આ વખતે જે ખાંડ આપણે લાવ્યા છીએ ને એમાં ગળપણ ઓછું છે બોલો ? લોકોએ ખાંડની કોલિટી પણ બગાડી નાખી છે, પછી ગમે તેટલી નાખો તો ય ગળપણ ક્યાંથી થાય ? " અહીં કેટલીક વખત ડાયાબીટીસ ન થાય એટલા માટે ચા તો કમસક્કર જ પીવી સારી એવું ય બહાનું બતાવી દેવાય છે. મને થાય છે કે બહેનો આવા કેસમાં પોતાની ભૂલ કેમ સ્વીકારતી નહિ હોય ??

● જો કોઈ ભાઈને સવારે ન્હાવા જતી વખતે એમના ખિસ્સામાં પચાસ કે સો ની નોટ રહી ગઈ હોય ને એ કપડાને ધોતી વખત કે ધોયા પછી એ બાબત શ્રીમતીજીના ધ્યાને આવે તો પતિને ટકોર્યા વગર રહે જ નહિ, " અરે ભૈ તમે તો ખરા છો, નહાતા પહેલાં ખિસ્સાં બરબર જોઈ લેતા હોવ તો ? આ જૂઓ, તમારી જર્સીના ખિસ્સામાં સો ની નોટ રહી ગઈ હતી તે સાવ પલળી ગઈ બોલો ? "

તો પતિ દેવ "હા યાર સોરી " એમ કહેવાને બદલે એ નોટ ખિસ્સામાં ક્યા કારણસર રહી ગયેલી તેની લાંબી સ્પષ્ટતા આપશે...એ વાત સાંભળી ના સાંભળી કરીને પત્ની એના કામે વળગી જતી હોય છે.

● કોઈ નેતા કે કોઈ રાજકીય હસ્તીથી જો જાહેરમાં બોલવામાં ગોટાળો થઈ જાય તો એ ય પાછા ભૂલ સ્વીકારવાને બદલે, " તમે સમજો છો એવો મારો આશય ન હતો..." "પત્રકારો મારી વાત સમજવામાં ગેરસમજ કરે એમાં મારો શું વાંક ? "

"આ બધી મારા વિરોધીઓની ચાલ છે,એ કાયમ અર્થનો અનર્થ જ કરે છે..." ટૂંકમાં અમારો કહેવાનો આશય એવો છે કે આ જગતમાં ભગવાને દરેક પુરુષ અને સ્ત્રીમાં એવો એક જન્મ જાત ગુણ (અવગુણ !!) મૂકેલ છે કે એ ક્યારે ય પોતાની ભૂલ સ્વીકારશે જ નહિ. એ પોતાની ભૂલ માટે બીજા લોકો કઈ રીતે અને કેટલે અંશે જવાબદાર છે એના જ ખુલાસા કરશે. એ સીધી રીતે પોતાની ક્ષતિ સ્વીકરતા જ નથી. આવા સમયે એ જો કોઈની લાગણી દૂભાઈ હોય તો માફી માગી લે તો વાત ત્યાં જ પતી જાય છે. છોકરો કે છોકરી પરીક્ષામાં નાપાસ થાય તો એનાં મા બાપ સહિત બધા એના નાપાસ થવાનાં બાહ્ય કારણો આપ્યા કરે છે પણ છોકરા કે છોકરીએ પૂરતી મહેનત નહોતી કરી એવું કોઈ સ્વીકારતું જ નથી.



રંગ અને વ્યંગ
અનંત પટેલ

શાળાનું રીઝલ્ટ ઓછું આવે તો શિક્ષકો બાળકોનો વાંક કાઢે અને વાલીઓ શિક્ષકોનો વાંક કાઢતા હોય છે.... આમ લોકોને, અમને અને તમને કોઈને પોતાની ભૂલ સ્વીકારવાની વાત ગમતી જ નથી. અને જ્યાં ખરેખત ક્ષતિ થઈ હોય તો એને કબૂલીને સોરી કહીએ તો એ વાત ત્યાં જ પતી જાય છે અને સામેવાળા વ્યક્તિના મનમાં પણ આપણા વિશે સારી ભાવના જન્મે જ છે. તો ચાલો આજ પછી જ્યાં પણ આપણાથી સાચે સાચ ભૂલ થઈ જાય તો એને નિખાલસતાથી સ્વીકારીને જે તેને માટે સોરી કહેતાં જરા પણ અચકાઈશું નહિ.... બરાબરને ?

mo. 9898409053
- anantpatel135@yahoo.com